કો. ફાઈલ

<u>નવી બાબત વર્ષ ૨૦૧૭-૧૮</u>

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૬/૭૨૨૩૮૯/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.03/0૨/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૯/૧૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક:વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૧૬-૧૭/૫૧૭૮

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૭/૨૭૩૧૪૬/અ.૧

## <u>ઠ રા વ:</u>

વંચાણ હેઠળના ક્રમાકે-(૧) થી નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણના તા.૨૯/૧૧/૧૬ ના પત્રથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેનાર સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના તાલીમાર્થીઓને તાલીમાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- લેખે તાલીમ વર્ગો માટેની અંદાજીત,૧૬૦૦ વિદ્યાર્થીઓ માટેની રૂ.૩૨૦.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ અંગેની નાણા વિભાગની તા.૧૨/૪/૨૦૧૭ ની વહીવટી મંજૂરીથી વંચાણે લીધેલા ક્રમ: (૨) પરનો તા.૦૯/૫/૨૦૧૭ નો ઠરાવ બહાર પાડવામાં આવ્યો હતો. ઉક્ત તા.૦૯/૫/૨૦૧૭ ના ઠરાવની શરત નં. (૮) પ્રમાણે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ સુધીની સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચીંગ કેન્દ્રો સ્પીપા(SPIPA)એ ચલાવવાના થતા હતા. પરંતુ સ્પીપાએ આવા કોચીંગ કેન્દ્રો ચલાવવા માટે અસમર્થતા દર્શાવતાં આ બાબત પુન: નાણા વિભાગને રજુ

કરવામાં આવતાં નાણા વિભાગે કેટલીક શરતો સાથે પુન: વહીવટી મંજૂરી આપી છે. તેથી હવે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે વંચાણ હેઠળનો ક્રમાંક: (૨) પરનો વિભાગનો તા.૦૯/૫/૨૦૧૭ નો ઠરાવ રદ કરીને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની તાલીમ રાજયની ખ્યાતિપ્રાપ્ત(Reputed) ખાનગી સંસ્થાઓ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અંદાજીત કુલ ૧૬૦૦ લાભાર્થીઓને આપવા માટે વાર્ષિક કુલ રૂ.૩૨૦.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રણસો વીસ લાખ પૂરા)ની નવી બાબતને નીચેની શરતોએ આથી સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શ ર તો:</u>

(૧) મૂળ ગુજરાતના વતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીના કુટુંબની વાર્ષિક રૂ.૨,૦૦,૦૦૦ સુધીની આવકને ધ્યાને લઇ પ્રત્યેક તાલીમાર્થીને રૂ.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) ખાસ પ્રોત્સાહન સહાય આપવાની રહેશે.

(૨) આ યોજના માટે તાલીમાર્થીનું લાયકાતનું ધોરણ ગુજરાત જાહેર સેવા આયોગે સંબંધિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિર્ધારિત કરેલ જરૂરી શૈક્ષણિક લાયકાતમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ જેટલું હોવું જોઇશે એટલે કે જો ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાતમાં રાખવામાં આવેલ શૈક્ષણિક લાયકાત ગ્રેજ્યુએશન હોય તો ગ્રેજ્યુએશનમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ ધરાવતા ઉમેદવારને જ કોચીંગમાં પ્રવેશ આપવાનો રહેશે.

(3) આ યોજના માટે રાજ્યની ખ્યાતિપ્રાપ્ત (Reputed) ખાનગી સંસ્થાઓ દ્વારા તાલીમ આપવાની રહેશે.

(૪) આ યોજનાના અમલીકરણ માટે સત્વરે એજન્સીની પસંદગી પેનલ બનાવીને નિયામકશ્રી, વિકસતી કલ્યાણ ખાતા મારફતે પારદર્શી ટેન્ડર પ્રક્રીયા કરીને કરવાની રહેશે.

(૫) આ યોજના હેઠળ તાલીમ લેનાર તાલીમાર્થીઓમાં અતિ પછાત, વધુ પછાત અને વિચરતિ-વિમુક્ત જાતિઓને અગ્રતા આપવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨, મુખ્ય સદર:૨૨૨૫ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-03 અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-૨૩ બીસીકે- ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષાની તૈયારી માટે તાલીમ લેનાર તાલીમાર્થી વિદ્યાર્થીને ખાસ પ્રોત્સાહન સહાય હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૭/૦૧/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(વસુતાપ્ર), સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ મહાનિર્દેશક, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ